R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to: કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 12 DATE: 23-03-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## આંકડાશાસ્ત્રીય સંસ્થાઓમાં હસ્તક્ષેપ કરીને આંકડાઓ સુધારવા અને અહેવાલો દબાવી દેવાની કેન્દ્ર સરકારની પ્રવૃતિ સામે ૧૦૮ અર્થશાસ્ત્રીઓનો ઉગ્ર વિરોધ

ભારતમાં આંકડાશાસ્ત્રીય માહિતી પર પ્રભાવ પાડવા માટે વધી રહેલા રાજકીય હસ્તક્ષેપ પર ચિંતા વ્યક્ત કરતાં ૧૦૮ અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ આંકડાશાસ્ત્રીય સંસ્થાઓના ગૌરવ અને સ્વતંત્રતા પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી છે. મોદી સરકાર દ્વારા બેરોજગારી પર એનએસએસઓ અને લેબર બ્યુરોના અહેવાલો દબાવી દેવા પર ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં ૧૦૮ અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ એક સંયુક્ત નિવેદન જારી કર્યું છે.

અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યુ હતું કે દાયકાઓથી ભારતની આંકડાશાસ્ત્રીય સંસ્થાઓ વિવિધ આર્થિક માપદંડો પર તેમના દ્વારા જારી થતી માહિતીની સત્યતા માટેની પ્રતિષ્ઠા ધરાવતી હતી.આ સંસ્થાઓની તેના અંદાજોની ગુણવત્તા માટે ઘણીવાર ટીકા થતી હતી પરંતુ તેના અંદાજો અને નિર્ણયો પર પ્રભાવ પાડવા માટે રાજકીય હસ્તક્ષેપના આરોપ ક્યારેય મુકાયા નથી. અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ તમામ ઈકોનોમિસ્ટ,સ્ટેટિસ્ટિશ્યન અને સ્વતંત્ર સંશોધકોને અણગમતી માહિતીને દબાવી દેવાની સરકારની પધ્ધતિ સામે અવાજ ઉઠાવવા અપીલ કરી છે.તેમણે જણાવ્યુ છે કે દેશના અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ જાહેર જનતાને સાચી માહિતી મળી શકે અને આ સંસ્થાઓની સ્વતંત્રતા બહાલ કરવા સરકાર પર દબાણ કરે.

તાજેતરમાં બેરોજગારીના રિપોર્ટના મામલે નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનના ચેરમેનપદેથી રાજીનામું આપનરા પી.સી.મોહનને જણાવ્યુ હતું કે આ સમયસર આવેલો સંદેશો છે અને રાજકીય પક્ષોએ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરેલી લાગણી અને ચિંતાઓની નોંધ લેવી જોઈએ.

સરકારના હસ્તક્ષેપ સામે અવાજ ઉઠાવનાર બુધ્ધિજીવીઓમાં રાકેશ બસંત(આઈઆઈએમ-અમદાવાદ),જેમ્સ બોઈસ(મેસેચ્યુસેટ્સ યુની.અમેરિકા),ઈમિલી બ્રેઝા(હાવર્ડ યુની. અમેરીકા),સતિશ દેશપાંડ(દિલ્હી યુની.),પેટ્રીક ફ્રાન્કોઈસ(બ્રિટીશ કોલેમ્બીયા યુની.),આર.રમાકુમાર(ટીઆઈએસએસ,મુંબઈ),હેમા સ્વામીનાથન(આઈઆઈએમ-બેંગલુર),રોહિત આઝાદ(જેએનયુ, દિલ્હી) સામેલ છે.

## લાંબી માંદગી બાદ ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ રક્ષામંત્રી મનોહર પારિકરનું નિધન

ભાજપના દિગ્ગજ નેતા,પુર્વ સંરક્ષણ મંત્રી અને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરનું લાંબી માંદગી બાદ નિધન થયું હતું.કેન્દ્ર સરકારે તેમના માનમાં એકદિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો.તેઓ લાંબા સમયથી સ્વાદપીડુંના કેન્સરથી પીડાતા હતા અને દેશ વિદેશમાં સારવાર લઈ ચુક્યા હતા પરંતુ તેનાથી તેમને નહિવત ફાયદો થયો હતો. આખરે તેમણે પોતાનુ જીવન સંકેલી લીધું હતું.તેઓ ચાર વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા.કોગ્રેસની બહુમતી હોવા છતાં બીજપીએ સરકાર રચીને તેને સંભાળી રાખવાની જવાબદારી પારિકરના માથે હતી તે તેમણે મોત પર્યંત બેખુબીથી નિભાવી હતી. તેમના જવાથી ગોવાના રાજકારણમાં ભાજપ માટે એક સંનિષ્ટ અને દિગ્ગજ નેતાની ખોટ પડી છે.

## લોકપાલ માટે આંદોલન કરનારા અણ્ણા હજારેની આખરે જીત : લોકપાદ પદ માટે નિયુક્તિ સરકાર નક્કી કરી

સુપ્રીમ કોર્ટના પુર્વ જજ પિનાકીન ઘોષ દેશના પ્રથમ લોકપાલ બનવાના છે. લોકપાલના મુદ્દે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યુ હતું કે આ મામલે અધિકૃત ઘોષણા થવાની બાકી છે પરંતુ વડાપ્રધાન મોદી,અધ્યક્ષ સુમિત્રા મહાજન,મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ અને એડવોકેટ મુકુલ રોહતગીના નેતૃત્વવાળી પસંદગી સમિતિએ પી.સી.ઘોષના નામ પર મહોર લગાવી છે.

લોકપાલ માટે બનાવાયેલી સમિતિમાં લોકપાલ માટે ૧૦



નામોની પસંદગી કરાઈ હતી. જેમાં જસ્ટીસ ઘોષનું નામ પણ સામેલ હતું.મે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાંથી સેવા નિવૃત થયા પછી જસ્ટીસ ઘોષે રાષ્ટ્રીય માનવધિકાર પંચમાં સેવા આપી હતી.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ન્યુઝીલેન્ડની બે મસ્જીદમાં ઓસ્ટ્રેલીયન જમણેરી પાંખના આતંકવાદીએ કરેલા ગોળીબારમાં ૪૯લોકોના મોત નિપજ્યા

ન્યુઝીલેન્ડના અતિ શાંતિપ્રિય શહેર ક્રાઈસ્ટ ચર્ચ શહેરમાં શુક્રવારની બપોરની નમાજ વેળાએ ઓસ્ટ્રેલીય કટ્ટરવાદી અને તેના સાથીઓએ બે મસ્જીદ પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૪૯ લોકો માર્યા ગયા હતા અને ૨૦ ને ઈજા પહોચી હતી.ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા આર્ડને આ ગોઝારા શુક્રવારને ન્યુઝીલેન્ડના ઈતિહાસમાં સૌથી કાળો દિવસ પૈકીનો એક ગણાવ્યો હતો.

બે મસ્જીદમાં કરાયેલા બેફામ ગોળીબારમાં ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા.અને ૨૦ થી વધુને ઈજા પહોચી હતી.ક્રાઈસ્ટ ચર્ચ ખાતેની નુર મસ્જીદમાં ૧૦ અને લિનવુડ મસ્જીદમાં ૩૦ લોકોને ગોળીથી ઠાર મારવામાં આવ્યા હતા.ન્યુઝીલેન્ડની પોલીસે આ ગોળીબારમાં માટે સંડોવાયેલા એક મહિલા સહિત ચાર વ્યક્તિઓની અટકાયત કરી હતી.આ એક આતંકવાદી હુમલો હતો.સેનાના ગણવેશમાં ઓટોમેટીક રાઈફલ સાથે ઘસી આવેલા હુમલાખોરે અંધાધુંધ ગોળીબાર કર્યા હતા.જેના પગલે ભારે નાસભાગ મચી ગઈ હતી.પોલીસને કારોની સાથે આઈઈડી સાથેના સંખ્યાબંધ વિસ્ફોટો પણ મળી આવ્યા હતા.જેને પોલીસે નિષ્ક્રિય બનાવ્યા હતા. બૉબ પણ મળી આવ્યા હતા જેને બૉંબ સ્કોવર્ડે નિષ્કિય બનાવ્યો હતો.

ન્યુઝીલેન્ડના આ આતંકી હુમલામાં સુરત જિલ્લાના બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. તે પૈકી લુહારાના રહેવાસી હાફીઝ મુસા પટેલ મસ્જીદમાં મૌલવી તરીકે સેવા આપતા હતા.આમ કુલ પાંચ ગુજરાતીઓના મોત નિપજ્યા છે.ગુજરાત સરકાર તરફથી ન્યુઝિલેન્ડ જવા માંગતા પરિવારોને સરકાર વિઝા મેળવવા માટે મદદ કરશે.

## ચુંટણી પંચે મતદાન પુર્વેના ૪૮ કલાકમાં ઢંઢેરો જારી નહીં કરવાનો,તેને આચાર સંહિતાનો એક ભાગ બનાવી દેવાયો

ચુંટણી પંચે લોકસભાની ચુંટણી અગાઉ રાજકીય પક્ષોને આકરો આંચકો આપ્યો છે.તેણે સ્પષ્ટ કર્યુ છે કે કોઈ પણ રાજકીય પક્ષ મતદાનના ૪૮ કલાક અગાઉ ચુંટણી ઢંઢેરો બહાર નહી પાડી શકે. ચુંટણી પંચે હવે ચુંટણી ઢંઢેરાઓ જારી કરવાને આચારસહિતાનો એક ભાગ બનાવી દીધો છે. આમ, હવે ચુંટણીની જાહેરાત બાદ પક્ષોએ આ નિયમોનું પાલન પણ કરવું પડશે. હવે ચુંટણી પ્રચાર થમી જવાની સાથે જ ઢંઢેરો જારી કરવાનુ પણ અટકી જશે.

આચારસંહિતાના સુધારેલા કોડમાં હવે દર્શાવવામાં આવ્યું છે કે એક તબક્કાની ચુંટણીમાં રિપ્રેઝેન્ટેશન ઓફ ધ પીપલ્સ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬ હેઠળ નક્કી કરાયા મુજબ પ્રતિબંધિત સમયમાં ઢંઢેરા જારી નહીં કરાય.જો અનેક તબક્કામાં ચુંટણી થાય તો ઢંઢેરા પ્રતિબંધિત સમયગાળા દરમિયાન પણ જારી ન કરી શકાય. એ પણ આરપી એક્ટની કલમ ૧૨૬ હેઠળ નિયત છે. આ ચુંટણીના તમામ તબક્કામાં આ નિયમ લાગુ પડશે.

કાયદાની કલમ ૧૨૬માં ઈલેક્શન સાઈલન્સ ની જોગવાઈ છે. જેમાં મતદાન અગાઉ ૪૮ કલાકમાં કોઈપણ પ્રકારના ચુંટણી પ્રચાર પર પ્રતિબંધ મુકાયો છે.હાલના તબક્કે ઢંઢેરા રજુ કરવાના સમય અંગે કોઈ નિયન ન હતો.

૨૦૧૪માં ભાજપે લોકસભાના પહેલા તબક્કાની ચુંટણીના દિવસેજ ઢંઢેરો બહાર પાડ્યો હતો.આનાથી મતદારોને અસર પડશે તેવી કોગ્રેસે ચુંટણી પંચમાં ફરિયાદ પણ કરી હતી.તે વખતે કાયદો નહી હોવાથી કશું થઈ શક્યું નહોતું.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

પાણીના અભાવે ઉભી થતી પરિસ્થિતિનો સામનો કરવા સરકારી તંત્ર સક્ષમ નથી એવું હાલના કેટલાક ઉભા થયેલા સંજોગો બતાવી રહ્યા છે.બનાસકાંઠામાં દુકાળના ઓળા ઉતર્યા છે.ખાસ કરીને રણ ની કાધીએ આવેલા વિસ્તારોમાં ઉનાળાના પ્રારંભેજ જળ સંકટ ઉભુ થવા પામ્યું છે.આવી સ્થિતિ વાવ તાલુકાના અસારાવાસ ગામથી માત્ર બે કી.મી.ના અંતરે આવેલું સમલીપુરા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી પીવાનું પાણી ન મળતાં ૪૦ જેટલી ગાયમાતાઓ મરણ પામી છે.ગત વર્ષે ચોમાસું નિષ્ફળ જતાં સરકારે જિલ્લાના ૧૨ તાલુકા અછતગ્રસ્ત જાહેર કર્યા છે. જ્યાં ખાસ કરીને રણી કાંધીએ આવેલા વાવ,સુઇગામ,થરાદ પંથકમાં ઉનાળાની શરુઆતમાં જ પાણીની કટોકટી જોવા મળી છે.જો કે આમ તો સરહદી વિસ્તારોમાં ઉનાળામાં પાણીનું સંકટ પેદા થાય છે. સમલીપુરા જ્યાં પાણીના અભાવે પશુ પંખીઓના મોત નિપજી રહ્યા છે કે વિસ્તારમાં ૧૫૦૦ જેટલા લોકોની વસતી છે.તેમજ ૪૦૦ જેટલું પશુધન અને અન્ય પ્રાણી-પક્ષીઓનો વસવાટ છે.પાણીના અભાવે આ અબોલ પશુ-પક્ષીઓના જાન જઈ રહ્યા છે.ત્યારે સરકારે આ બાબતે ઘટતાં પગલાં લેવા જોઈએ. સત્તા પર બેઠેલા લોકોના મહત્તના મુદ્દાઓમાં ગાયમાતાનો મુદ્દો અગ્રસ્થાને છે.અને જો તેઓ આ બાબત પર ધ્યાન કેન્દ્રીત ના કરે તો તેમના માટે ચિંતાનો વિષય છે.

ગુજરાતના અમુક શહેરોમાં પાણીનો જે બગાડ થાય છે તેનો વપરાશ અને બચાવ કરીએ તો તે પાણીમાંથી ઉભી થતી કટોકટી નિવારી તો શકાય અને મુંગાં પશુ-પક્ષીઓના જાનતો બચાવી શકાય.અમારી સામે ધુળેટીના તહેવારમાં લોકો ચારથી પાંચ ટેન્કર જેટલુ પાણી બગાડીને ધુળેટી ઉજવી રહ્યા છે આવું તો ઠેર ઠેર બની રહ્યુ છે. શું આ લોકોને પાણીનો બચાવ કરવાનું કોણ શીખવશે

## ગોવામાં ભાજપે અડધી રાત્રે સત્તા મેળવવા માટે કરેલ રાજકીય નાટક સામે શિવસેનાનો આક્રોશ

ગોવામાં અડધી રાત્રે મુખ્યમંત્રીનું શપથ ગ્રહણ કરવાની ઘટનાને શિવસેના જે ભાજપનો સાથી પક્ષ છે તેણે આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યુ હતું કે આ લોકશાહીની દુર્દશા છે.કેન્દ્ર અને રાજ્યમાં સરકારમાં સાથી પક્ષ તરીકે સહયોગી પાર્ટીએ ભાજપ પર આરોપ મુકતાં કહ્યુ હતું કે ગોવાના દિવંગત મુખ્યમંત્રી મનોહર પારિકરના પાર્થિવ દેહની રાખ ઠંડી થવા સુધીની રાહ ભાજપ જોઇ શક્યો નહી અને અડધી રાત્રે બે વાગ્યે મુખ્યમંત્રીને શપથ લેવડાવ્યા એ સત્તાનો શર્મનાક ખેલ છે.શિવસેનાએ દાવો કર્યો હતો કે જો તેમણે બીજા ૨૪ કલાકની રાહ જોઈ હોત તો એમની સરકાર પડી ગઇ હોત. બે નાયબ મુખ્યમંત્રી પૈકી એક કોગ્રેસમાં સામેલ થઈ ગયા હોત.અને એમને પોતાનું મનપસંદ પદ મળી ગયું હોત.શિવસેનાએ કહ્યુ હતું કે ચિતા સળગી રહી હતી અને સત્તાના લોભી સત્તા માટે એકબીજાની ગરદન પકડી રહ્યા હતા.

ભાજપ માટે કોઈપણ કાર્ય અડધી રાત્રે કરવાનું સહજ બની ગયું છે.લોકશાહીની મોટી મોટી સુફીયાણી વાતો કરતાં નેતાઓ સત્તા માટે કોઈપણ સમાધાન કરવા તૈયાર હોય છે.જો કે શિવસેના હજુ પણ તેમના સાથી સંગઠનમાં છે તે પણ નવાઈ લાગે તેમ છે.શિવસેનાએ ભાજપની ખોટી વાતનો કે જુઠનો દમદાર રીતે વિરોધ કર્યો છે અને લેશમાત્ર ડર રાખ્યો નથી.




### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## પુલવામાની ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર કરેલા હવાઇ હુમલામાં પાક.ને થયેલું નુકશાન જાણવાનો દેશને હક છે : શિવસેના



વિપક્ષી પાર્ટીઓ પછી હવે શિવસેનાએ પણ એરસ્ટ્રાઇક પર સવાલો કર્યા છે.પોતાના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખાયું છે કે દેશવાસીઓને આ એરસ્ટ્રાઇક અંગે જાણવાનો પુરેપુરો અધિકાર છે.પુલવામાના આતંકી હુમલા પછી પાકિસ્તાનમાં ઘુસીને કરાયેલી એરસ્ટ્રાઇક અંગે રાજકીય વિવાદ જારી છે. કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી પાર્ટીઓ દ્વારા તેના અંગે પુરાવા માંગવામાં આવ્યા છે. પુરાવા માંગવામાં માટેની પાર્ટીઓમાં હવે ભાજપના સાથી પક્ષ શિવસેનાનું નામ પણ ઉમેરાયું છે.

શિવસેનાએ કહ્યુ હતું કે દેશવાસીઓને એ વાતનું સત્ય જાણવાનો હક્ક છે. શિવસેનાએ કહ્યું છે કે દેશવાસીઓને એ જાણવાનો અધિકાર છે કે આપણે દુશ્મનના ઘરમાં કેટલું નુકશાન પહોચાડ્યું છે. અમને એવું લાગતું નથી કે આ પ્રકારના સવાલ પુછવાથી સેનાના જવાનોનું મનોબળ નબળું પડે. સંપાદકીયમાં લખાયું છે કે અનેક મામલે વડાપ્રધાન ઈમોશનલ થઈ જાય છે. પણ આ વખતે વડાપ્રધાનની આંખોમાં આંસુ ન જોવા મળ્યા.આ વખતે તેઓ વધુ ખુશ જોવા મળ્યા. એક તરફ જ્યારે પાકિસ્તાન સાથે જંગનો માહોલ હતો તો બીજી તરફ પીએમ મોદી રેલીઓ જ સંબોધિત કરી રહ્યા હતા.

શિવસેનાએ લખ્યું છે કે પુલવામાં અગાઉ વિપક્ષ પાસે મોંઘવારી, બેકારી, રફાલ ડીલ સહિત અનેક મુદ્દાઓ હતા.પણ હવે લાગે છે કે એરસ્ટ્રાઈક પછી તમામ પ્રકારના મુદ્દા ખતમ થઈ ગયા છે. અને સૌ કોઈ આપણી વાયુસેનાએ કરેલી એરસ્ટ્રાઈકની વાત કરી રહ્યા છે.

કોંગ્રેસના દિગ્વિજયસિંહ, મનીષ તિવારી, કપિલ સિબ્બલ,ઉપરાંત ટીએમસી નેતાઓ અને અન્ય અનેક વિપક્ષી નેતાઓને એરસ્ટ્રાઇક પર સવાલો ઉઠાવ્યા છે.કેટલાક નેતાઓએ માંગણી કરી છે કે સરકારે આ અંગેના નક્કર પુરાવા રજુ કરવા જોઈએ. ભાજપ અધ્યક્ષ અમિત શાહ સતત કહે છે કે જે લોકો એરસ્ટ્રાઈક પર સવાલો કરી રહ્યા છે તેઓ દેશની સેનાનું મનોબળ ઘટાડી રહ્યા છે.

શિવસેના અગાઉ પણ મોદી સરકારના અનેક મોટા નિર્ણયો અંગે સવાલો પુછી ચુકી છે.જો કે થોડા દિવસો પહેલાં જ અમિત શાહે મુંબઈ જઈને શિવસેનાની સાથે ગઠબંધન કર્યુ હતું. બંને પાર્ટીઓમાં નક્કી થયું હતું કે ભાજપ રાજ્યની ૪૮ સીટો પૈકી ૨૫ સીટો પર અને શિવસેના ૨૩ સીટો પર ચુંટણી લડશે.શિવસેના સતત કેટલાક મુદ્દાઓ પર ભાજપનું નાક ખેચે છે.

## વિશ્વના ૨૦ પ્રદુષિત શહેરોમાં ભારતના ૧૫ શહેરો સામેલ છે

વિશ્વના સૌથી વધુ પ્રદુષિત ૨૦ શહેરોમાં ભારતના ૧૫ શહેરો સામેલ છે. અને ગુરુગ્રામ,ગાજીયાબાદ,ફરીદાબાદ,નોઈડા અને ભિવાડી ટોપ ૬ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. આ નવા રિપોર્ટના આંકડા અનુસાર રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર(એનસીઆર) છેલ્લા વર્ષથી વિશ્વના સૌથી પ્રદુષિત ક્ષેત્રમાં આવી જાય છે.લેટેસ્ટ ડેટા આઇક્યુએર એરવિઝ્યુઅલ ૨૦૧૮ વર્લ્ડ એક ક્વોલીટી રિપોર્ટમાં સંકલિત છે. આ રિપોર્ટ ગ્રીનપીસ સાઉથઈસ્ટ એશિયાના સહયોગથી તૈયાર થયો છે. રિપોર્ટમાં કહેવાયું છે કે વિશ્વના ૨૦ પ્રદુષિત શહેરોમાં સર્વાધિક પ્રદુષિત શહેરોમાં ભારતના ૧૮,પાકિસ્તાન અને બાંગલાદેશના છે.એમાં ૧૫ શહેરો ભારતના છે . ગુરુગ્રામ અને ગાજીયાબાદ સૌથી વધુ પ્રદુષિત શહેરોમાં છે. ત્યારબાદ ફરીદાબાદ,ભિવાડી અને નોઈડા પણ ટોપ-૬ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. દેશની રાજધાની દિલ્હી વિશ્વના પ્રદુષિત શહેરોમાં ૧૧ નંબર પર છે.એક સમયે દુનિયાની સૌથી પ્રદુષિત શહેરોમાં સામેલ ચીનની રાજધાની બેઈજીંગ છેલ્લા વર્ષમાં સર્વાધિક પ્રદુષિત શહેરોની યાદીમાં ૧૨૨ માં ક્રમે છે. પરંતુ આ આજે પણ વર્લ્ડ હેલ્થ ઓરગે.ની વાર્ષિક સુરક્ષિત સીમાથી ઓછામાં ઓછું પાંચ ગણુ પ્રદુષિત શહેર છે.૩૦૦૦થી વધુ શહેરોમાં પ્રદુષક કણો ૨.૫નું સ્તર દર્શાવતા ડેટાવેઝ એક વખત ફરી વાયુ પ્રદુષણથી વિશ્વને ખતરાની યાદ અપાવે છે.

### જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઈડને ડ્રાય આઈસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



### કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## લોકસભાની ચુંટણીઓની તારીખો જાહેર થતાં દેશભરમાં આચારસંહિતાનો કડક અમલ શરુ કરાયો

ચુંટણી પંચે લોકસભાની ચુંટણીની તારીખો જાહેર કરતાં દેશભરમાં ધમધમાટ ચાલુ થઈ ગયો છે. વિવિધ રાજકીય પાર્ટીઓએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. જો કે મુખ્ય પક્ષો ભાજપ અને કોગ્રેસે તો ચુંટણી યુધ્ધની શરુઆત તો પહેલાથી જ કરી દીધી હતી.સત્તારુઢ પક્ષને તો અંદેશો હતો જ કે ક્યારે તારીખો ચુંટણી પંચ જાહેર કરશે તેથી આચાર સંહિતા લાગુ પડે તે પહેલાં જેટલી તૈયારી કરવાની હોય તે નક્કર તૈયારીઓ કરી નાંખી હતી. વડાપ્રધાન અને ભાજપના નેતાઓ ચુંટણી પહેલા તૈયારી રુપે જાહેર સભાઓ સંબોધી ચુક્યા છે તે પ્રમાણે કોગ્રેસે પણ તૈયારી આરંભી દીધી હતી.

દેશમાં ૧૭મી લોકસભાની રચના કરવા માટે ચુંટણી પંચ દ્વારા તારીખો જાહેર કરવામાં આવી હતી. આ વખતે દેશભરમાં ૭ તબક્કામાં લોકસભાની ચુંટણીઓ યોજાશે.પહેલો તબક્કો ૧૧ એપ્રિલથી શરુ થશે. છેલ્લું સાતમા તબક્કાનું મતદાન ૧૯મી મેના રોજ થશે.જ્યારે ૨૩મી મેના રોજ મત ગણતરીની સાથે જ પરિણામો જાહેર કરવામાં આવશે.ચુંટણીની તારીખો જાહેર થવાની સાથે જ દેશભરમાં આચારસંહિતાનો અમલ શરુ થઈ ગયો છે.સોશિયલ મીડીયા પર પણ આચારસંહિતાનો અમલ શરુ થઈ ગયો છે.ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે.

દેશભરમાં કુલ ૯૦ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં નવા ૭ કરોડ મતદારોનો ઉમેરો થયો છે. દેશમાં ૧૦ લાખ મતદાન મથકોએ મતદાન યોજવામાં આવશે. તમામ મતદાન મથકોએ મતદાન માટે ઈવીએમ તેમજ વીવીપેટ મશીનોનો ઉપયોગ કરવામાં આવશે. મતદારોને મતદાન માટે ૧ જુદા જુદા ઓળખપત્રોનો ઉપયોગ કરવા મંજુરી અપાઈ છે. ૧૧ પૈકી કોઈપણ ઓળખપત્રનો ઉપયોગ કરીને તે મતદાન કરી શકશે.૧ જાન્યુ.૨૦૧૯ના રોજ ૧૮ વર્ષ પુરા કરનાર વ્યક્તિ મતદાન કરી શકશે.

૨૮માર્ચે ચુંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થશે.૨૮ માર્ચથી ૪ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રકો ભરાશે. ૫ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. ૮ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેચી શકાશે. ૨૩ એપ્રીલે મતદાન,૨૩મેના રોજ મતગણતરી થશે.૨૭મેના રોજ ચુંટણી પ્રક્રિયા પુરી થશે.

લોકસભાની સાથે આંધ્ર પ્રદેશ,ઓડીશા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભાની ચુંટણીઓ પણ યોજાશે.હાલમા જમ્મુ-કાશ્મીરમાં રાજ્ય વિધાનસભાની ચુંટણી નહીં યોજવાનો નિર્ણય લેવાયો છે.જે એન્ડ કે માટે એવું કહેવાયું છે કે રાજયમાં હિંસક ઘટનાઓ અને આતંકી ગતિવિધિઓને કારણે હાલના તબક્કે ચુંટણી યોજી શકાય તેમ નથી.તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## સરકાર સામે વિરોધ પ્રગટ કરવા કાશ્મીરી અખબારોએ પહેલા પાના કોરા રાખ્યા

### કારણ વિના સરકારી જાહેરાતો અટકાવતાં એડિટર્સ ગિલ્ડ સડકો પર ઉતર્યું

શ્રીનગરથી પ્રકાશિત થતાં બે અખબારોને જાહેરાતો અટકાવી દેવાના સરકારના નિર્ણયનો વિરોધ કરતાં કાશ્મીરના મોટાભાગના અખબારોએ પહેલું પાનું કોરુ રાખ્યું હતું.ગ્રેટર કાશ્મીર અને કાશ્મીર રીડર અખબારોને સરકારી જાહેરાતો નહીં આપવાના નિર્ણયના વિરોધમાં કાશ્મીરના તમામ અખબારોએ પહેલાં પાના પર કોઈ સમાચાર કે જાહેરખબરો છાપી નહોતી.કાશ્મીર એડીટર્સ ગિલ્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અખબારી આલમે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.જમ્મુ કાશ્મીર સરકારે કાશ્મીર ખીણમાં સૌથી વધુ વંચાતા અંગ્રેજી દૈનિક ગ્રેટર કાશ્મીર અને શ્રીનગરથી પ્રસિધ્ધ થતાં કાશ્મીર રીડર અખબારને સરકારી જાહેરાતો અટકાવી દેવાનો નિર્ણય કર્યો હતો. જો કે આ અંગે કોઈ લેખિત આદેશ અપાયો નથી. પરંતુ બંને અખબારોને જમ્મુ-કાશ્મીર સરકારના માહિતી વિભાગ દ્વારા મૌખિક જાણકારી અપાઈ હતી.સરકારે તેમને અપાતી જાહેરાતો બંધ કરવાનો નિર્ણય કર્યો છે. કાશ્મીરના એડિટર્સ ગિલ્ડે આ બંને અખબારોની સરકારી જાહેરાત શા માટે બંધ કરવામાં આવી છે તેનુ કારણ આપવા સરકારને જણાવ્યુ હતું. જો કે સરકાર દ્વારા હજુ સુધી કોઈ કારણ અપાયું નથી.એક નિવેદનમાં કાશ્મીર એડીટર્સ ગિલ્ડે જણાવ્યુ હતું કે એકતરફ વિશ્વની સૌથી મોટી લોકશાહી ચુંટણી માટે કવાયત હાથ ધરી રહી છે. ત્યારે કાશ્મીરના બે અગ્રણી અખબારોને સરકારી જાહેરાતો અટકાવી દેવાના સરકારના નિર્ણયની એડિટર્સ ગિલ્ડે આકરી ટીકા કરે છે.સમગ્ર મીડીયાએ સરકારના આ પગલાંની સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## મધ્યપ્રદેશમાં ઓબીસીને ૨૭% અનામત પર કોર્ટે મનાઇ હુકમ ફરમાવ્યો

મધ્યપ્રદેશની હાઈકોર્ટે કમલનાથની સરકારને ઝાટકો આપ્યો છે.કોર્ટે મેડીકલ શિક્ષણમાં ૨૭ ટકા ઓબીસી અનામત પર સ્ટે મુકી દીધો છે. સામાન્ય વર્ગની ત્રણ મેડીકલ વિદ્યાર્થીનીઓએ આ નિર્ણય પર મનાઈહુકમ માટે હાઈકોર્ટમાં માંગણી કરી હતી.તેમની અરજીમાં કહેવાયું હતું કેસરકાર દ્વારા ઓબીસી અનામતને ૨૭ ટકા કર્યા બાદ હવે રાજ્યમાં કુલ અનામત ૬૩ ટકા જ બચી છે. જે નકકી કરાયેલ ૫૦ ટકાની મર્યાદાથી વધુ છે.આથી તેના પર પ્રતિબંધ મુકવામાં આવે.હાઈકોર્ટે આદેશ આપતાં કહ્યુ હતું કે અનામત લાગુ કરવાથી ૫૦ ટકાથી વધુ અનામત ન હોવાની જોગવાઈનું ઉલ્લંઘન થશે.કોર્ટે સ્પષ્ટ કર્યુ કે ઓબીસી અનામત હવે ૧૪ ટકા જ રહેશે.

### જાણવા જેવું !

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઇ હતી.

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## એનસીપીના અધ્યક્ષ શરદ પવાર ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહીં લડે

એનસીપીના અધ્યક્ષ શરદ પવારે એક જાહેર સભામાં તેઓ આ વખતની લોકસભાની ચુંટણીમાં પોતે ઉમેદવારી કરશે નહીં તેવું કહીને તેમની સ્થિતિ સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યુ હતું કે તેમના પૌત્ર અને પુત્રી બે કુંટુબની વ્યક્તિઓ લોકસભાની ચુંટણીમાં ઉભી રહેનાર છે તેથી તેઓ આ ચુંટણીમાં લડશે નહીં. જો કે શરદ પવારનું દેશના રાજકારણમાં એક પ્રતિષ્ઠિત રાજકારણી તરીકેનો દબદબો છે. ભુતકાળમાં તેમણે સોનિયા ગાધી વિદેશી કુળની વ્યક્તિ તરીકે ગણાવીને કોગ્રેસને તિલાંજલી આપી પોતાનો પક્ષ ઉભો કર્યો હતો. મહારાષ્ટ્રમાં તેમની આજે પણ હાક વાગે છે.

## નોકરી બદલ્યા બાદ ઇપીએફ આપોઆપ ટ્રાન્સફર થઇ જશે

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન ના સભ્યને આગામી વર્ષથી નોકરી બદલવાના મામલે ઈપીએફ ફંડ ટ્રાન્સફર કરવા માટે વિનંતી કરવાની જરુરત રહેશે નહીં.આ પ્રક્રિયાને ોટોમેડેટ કરવા પર કામ ચાલી ર હ્યું છે.ઈપીએફઓ ને કાગળવિહિન સંગઠન બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પોતાની વર્તમાન પ્રણાલીના અભ્યાસ માટે સી-ડેકને કામ સોપાયું છે.હાલ,૮૦ ટકા કામકાજ ઓનલાઈન થઈ રહ્યું છે. તેમ કેન્દ્રીય શ્રમમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યુ હતું.

## ખેડુતોની આત્મહત્યામાં છેલ્લા 3 વર્ષમાં ૯૧%નો વધારો થયો છે

મોદી સરકારના ચાર વર્ષના કાર્યકાળમાં મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યાના પ્રમાણમાં મોટો વધારો નોધાયો હોવાની માહીતી સામે આવી છે. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના ૨૪મી એપ્રિલ,૨૦૧૫ના એક પત્ર અનુસાર ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન ૬૨૬૮ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. એ વખતે રાજ્યમાં કોગ્રેસ-એનસીપીની સરકાર હતી. પણ જાન્યુઆરી ૨૦૧૫ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં રાજ્યમાં આત્મહત્યા કરનારા ખેડુતોની સંખ્યા ૧૧૯૯૫ સુધી પહોચી ગઈ હતી.વિશેષમાં પીડીત પરિવારો પૈકી ૪૩ ટકા ખેડુતોના પરિવારોને સરકાર તરફથી કોઈ પણ સહાય અથવા વળતર મળ્યું નથી.રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડુતોની આત્મહત્યાનું પ્રમાણ ૯૧ ટકા વધ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. મુંબઈમાં એક આરટીઆઈ કાર્યકર્તાએ માહીતી અધિકારનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યા બાબત માહીતી માંગી હતી.

તેમણે મુખ્યત્વે મરાઠાવાડ અને વિદર્ભના ખેડુતોની આત્મહત્યાના સંદર્ભમાં માહિતી માંગી હતી.દેવા અને પાકની નિષ્ફળથાંથી કંટાળીને આત્મહત્યા કરનારા ખેડુતો પૈકી મોટા ભાગના ખેડુત પરિવારોને સરકાર તરફથી કોઈ મદદ મળી નથી.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# ૨૦૧૪માં ભાજપે સરકાર બનાવી હતી હવે સરકાર એનડીએ બનાવશે

કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ વરિષ્ઠ નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે ૨૦૧૪માં ભાજપની સરકાર બની હતી જ્યારે આગામી સરકાર હવે એનડીએની બનશે.

શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે એક વેબ પોર્ટલના કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે ૨૦૧૪માં રાજકીયપરિસ્થિતિમાં ફેરફાર અંગે ધારણા રજુ કરી હતી અને પુર્વાનુમાન જાહેર કરી રહ્યો છું તેવું જણાવ્યું હતું. રાઉતે કહ્યું હતું કે ભાજપને આગામી લોકસભામાં ચુંટણીમાં લગભગ ૨૧૦ સીટ મળવાનો અંદાઝ છે. જ્યારે એનડીએને લગભગ ૩૦૦ સીટ મળશે. ભાજપની સૌથી જુની સહયોગી પાર્ટી શિવસેનાના નેતા રાઉતે કહ્યુ કે હજુ ભાજપમાં વડાપ્રધાન મોદીનો કોઇ વિકલ્પ દેખાઇ રહ્યો નથી. પરંતુ જો ભાજપ ૨૦૦થી ઓછી સીટ મેળવે છે તો આગામી વડાપ્રધાનનું નામ નક્કી કરવામાં એનડીએના સાથી દળોન ભુમિકા મહત્વની રહેશે.રાઉતે કહ્યુ હતું કે સાડા ત્રણ વર્ષમાં કે કહ્યું હતું કે ૨૦૧૪માં દેશની પરિસ્થિતિ અને ૨૦૧૯ની પરિસ્થિતિમાં ફર્ક છે.તેમણે કહ્યું હતું કે હવે લોકો સ્થિર સરકાર ઇચ્છે છે.

# મધ્યસ્થતાથી રામ જન્મભુમિ વિવાદનો ઉકેલ નહી આવી શકે : શિવસેના



શિવસેનાએ કહ્યુ હતું કે રામ જન્મભુમિ એ ભાવનાત્મક મુદ્દો છે અને તેને મધ્યસ્થતાથી ઉકેલી ન શકાય.પાર્ટીએ મોદી સરકારને આ મામલે વટહુકમ લાવવા અને રામ મંદિરનું નિર્માણ શરુ કરવા માટે કહ્યુ હતું. શિવસેનાએ પુછ્યું હતુ કે જ્યારે રાજનેતા,શાસક અને સુપ્રીમ કોર્ટ અત્યાર સુધીમાં આ વિવાદ ઉકેલી ના શક્યા તો પછી આ ત્રણ મધ્યસ્થીઓ શું કરશે.ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે કોર્ટના પુર્વ ન્યાયાધીશ એફએમ કલીફુલ્લાની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની એક સમિતિની રચના કરી છે. જે અયોધ્યામાં દાયકાઓ જુના રાજકીય રીતે સવેદનશીલ રામ જન્મભુમિ -બાબરી મસ્જીદ ભુમિ વિવાદના સંભવિત ઉકેલની સંભાવના મધ્યસ્થતા દ્વારા શોધવાની કોશીશ કરશે.જેમાં આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લીવીંગના શ્રીશ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુ પણ આ સમિતિના સભ્ય તરીકે રહેશે.

# સોશ્યલ મીડીયા પર પ્રચાર પણ ચુંટણી ખર્ચમાં ગણી લેવાશે

ભારતમાં ૨૦૧૯ની લોકસભાની ચુંટણીની તારીખો જાહેર થઇ છે.આ સાથે જ આચાર સંહિતા પણ લાગુ થઇ ગઇ છે.જેમાં આ વખતે સોશ્યલ મીડીયાના ઉપયોગ અંગે પણ લગામ મુકવાનું ચુંટણીપંચે નક્કી કર્યુ છે.અગાઉ ૨૦૧૪માં સોશ્યલ મીડીયા ગેમ ચેન્જર સાબિત થયું હતું. આ વખતની સામાન્ય ચુંટણીમાં ચુંટણી પંચ આ મામલે સજ્જ છે. અને સોશ્યલ મીડીયા પર રાજકીય પક્ષોને પ્રચારનો લાભ લેવા અંગે મર્યાદા મુકી છે. સામાન્ય ચુંટણીઓની તારીખો જાહેર કરતાં મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ હતું કે ચુંટણીપંચ દ્વારા ઓનલાઇન પ્રચાર પર નજર રાખવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પર રાજકીય જાહેરાતો અંગે પ્રિ-સર્ટીફીકેશન અનિવાર્ય બનશે. આ જાહેરાતો પાર્ટીના ચુંટણી ખર્ચનો હિસ્સો પણ ગણાશે.

અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ્સ જેમકે ગુગલ,ફેસબુક, યુટ્યુબ અને ટ્વીટરમાં તમામ રાજકીય જાહેરાતો સર્ટીફાઇડ કરાશે. આ પ્લેટફોર્મ તેમના પ્લેટફોર્મ પર રાજકી જાહેરાતોને હાઇલાઇટ કરી શકશે.જ્યારે ફેસબુક અને ગુગલે । માટે સમર્પિત ગ્રિએવન્સ ઓફિસરની નિમણુંક કરી છે કે જેથી ચુંટણી પંચની માર્ગદર્શિકાનું ક્યાંય ઉલ્લંઘન થાય તો તેના માટે કાર્યવાહી કરી શકાય. અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા એક્સપર્ટ મીડીયા સર્ટીફીકેશન અને મોનિટરીંગ કમિટીનો હિસ્સો બનશે.

# પુર્વોત્તરના રાજ્યોને વિશેષ દરજ્જો અપાશે : રાહુલ ગાંધી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે અમારી પાર્ટી સત્તામાં આવશે તો અરુણાચલને અને અન્ય પુર્વોત્તરના રાજ્યોને વિશેષ દરજ્જો આપશે. રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે અહીયા ચુંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યુ હતું કે દેશના કેટલાક રાજ્યો છે જેમને કનેક્ટીવીટી,ભુગોળની સ્થિતિ જેવી અને ખાસ સમસ્યા અને કઠિનાઇના કારણે વિશેષ રાજ્યના દરજ્જાની જરુર છે. તેમણે કહ્યુ હતું કે કેન્દ્રમાં કોંગ્રેસના શાશન દરમિયાન અરુણાચલ પ્રદેશ અને અન્ય પુર્વોત્તર રાજ્યો વિશેષ દરજ્જાનો લાભ ઉઠાવતાં હતા.કોંગ્રેસના હૃદયમાં અરુણાચલનું વિશેષ સ્થાન છે.અમે લોકો સાથે દિલનો સબંધ રાખવા ઇચ્છીશું.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.